# ન્યૂ ગાંધીનગરમાં સમાવિષ્ટ સોસાયટીઓના વસાહતીઓ પાયાની સુવિધાથી વંચિત



ગાંધીનગર, તા.૫

ન્યુ ગાંધીનગરમાં જેનો સમાવેશ થાય છે તે રાંદેસણ ગામની હદમાં આવેલ વિસ્તારમાં રસ્તા, લાઈટ અને પાણી જેવી કોઈ જ માળખાકીય સુવિધાઓ અનેક રજુઆતો બાદ પણ ન મળતા વસાહતીઓ રોષે ભરાયા છે અને આ અંગે ઉચ્ચ કક્ષાએ રજુઆત પણ કરી છે.

ગાંધીનગર શહેરની હદ વિસ્તરતી જાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી તો શહેરની બહાર વિકસેલા ન્યુ ગાંધીનગર તરીકે ઓળખાતા વિસ્તારમાં વસ્તી વધતી જાય છે. હજુ પણ અહીં ઘણી બાંધકામ સ્કીમો ચાલી રહી છે. જો કે જે પ્રમાણે અહીં વસ્તી વધી રહી છે તેટલી સુવિધા મળતી નથી. ન્યુ ગાંધીનગરનો સમાવેશ ગુડા વિસ્તારમાં થાય છે. પરંતુ અહીં રસ્તા, પાણી, ગટર અને વિજળી જેવી પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ પ્રાપ્ત ન હોવાનો આક્ષેપ અહીંના વસાહતીઓ કરી રહ્યા છે. ગાંધીનગરથી કોબા તરફ જતા રાંદેસણ ગામની હદમાં વિકસેલા વિસ્તારમાં મોટી સંખ્યામાં વસાહતીઓ રહેવા આવ્યા છે. અહીંના સનરાઈઝ બંગ્લોઝ, સીમંધર બંગ્લોઝ, રૂદ્રાક્ષ બંગ્લોઝ, ઉર્જાનગર વિભાગ-૨, સ્વામિનારાયણ એવન્યુ, ઉમિયા કોમ્પ્લેક્ષ તથા યોગેશ્વર ફલેટમાં ૫૦૦થી વધુ વસાહતી વસવાટ કરી રહ્યા છે.

આ વસાહતીઓએ આક્ષેપ કર્યો છે કે તેઓ છેલ્લા પાંચ વર્ષથી અહીં નવા રોડ રસ્તા બને તે માટે રજુઆત કરી રહ્યા છે. વરસાદ હોય ત્યારે સ્થિતિ ખુબ વણસી જાય છે. પ્રતિક મોલથી શરુ કરી છેક અંદરની સોસાયટીઓ સુધીનો રસ્તો આ વરસાદમાં એટલો ખરાબ થઈ ગયો છે કે વાહન લઈને જવું અહીંથી મુશ્કેલ પડે છે. પગપાળા જવામાં તો જોખમ જ છે. રસ્તાઓની વ્યવસ્થા ન હોવાથી સ્કુલ બસો સોસાયટીઓ સુધી આવતી નથી. રહીશોને બાળકો સાથે લગભગ એક કિલોમીટર જેટલું ચાલી પ્રતિક મોલ સુધી આવવું પડે છે. વિદ્યાર્થીઓને ખુબ તકલીફ પડે છે. અહીં પાકો ડામર કે સિમેન્ટનો માર્ગ બનાવવા રહીશોએ અનેકવાર રજુઆતો કરી હોવા છતાં આ પ્રશ્ન ઉકેલાતો નથી. પાણીની પાઈપલાઈન નાંખેલી ન હોવાથી અહીંની સોસાયટીઓ સુધી નર્મદાનું પાણી પહોંચતું નથી. વસાહતીઓને ના છુટકે બોરનું દુષિત પાણી પીવું પડે છે. અંદરના ભાગે પ્રતિક મોલ પાસેના સર્વિસ રોડ ઉપર સ્ટ્રીટ લાઈટ ન હોવાના કારણે રાત્રે બહાર જવામાં ઘણી જ તકલીફ થાય છે.





વળી અહીં સુધી ગટરલાઈન આવી નથી જેને કારણે ખાળકુવાનું ગંદુ પાણી ઓવરફલો થઈને રસ્તા પર આવે છે. ખાસ કરીને ઉમિયા કોમ્પ્લેક્ષના ખાળકુવાનું પાણી બહારના રસ્તા સુધી આવીને ભરાઈ રહે છે. અહીં તાત્કાલિક ગટરલાઈન નાંખવાની માંગ રહીશો કરી રહ્યા છે. વળી કચરાના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી અહીં ખુબ ગંદકી થાય છે.

પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવવાની રજુઆત વસાહતીઓ કરી રહ્યા છે. આ વિસ્તારની નજીક ગીફટ સીટી, પેટ્રોલીયમ યુનિવર્સિટી અને સ્વામિનારાયણ ધામ આવેલું છે ત્યારે આ વિસ્તારને સાફ સુથરો રાખવા અને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ બનાવવાની માંગ અહીંના રહીશો કરી રહ્યા છે.

## મહિલાઓ દ્વારા સામાજિક જાગૃતિ અભિયાન વધુ બળવત્તર બનાવીએ

### ગાંધીનગરમાં મહિલા સંમેલનને કોંગી અગ્રણી નીશિત વ્યાસનું સંબોધન

ગાંધીનગર, તા. ૫

મહિલાઓ થકી સામાજિક જાગૃતિનું અભિયાન વધુ બળવત્તર બનાવવા અને આ થકી રાજકીય જાગૃતિ વડે સમરસ સમાજનો સંકલ્પ કરવા કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી શ્રી નિસીત વ્યાસે ગાંધીનગરમાં મહિલા સંમેલનને સંબોધતાં જણાવ્યું હતું.

શ્રી નિશીત વ્યાસે જણાવ્યું હતું કે કોંગ્રેસ ગુજરાતમાં ફેલાયેલી સામાજિક વિઘટનના પ્રયાસો નિષ્ફળ બનાવવા સક્ષમ છે. તેમણે જણાવ્યું હતું કે સામાજિક જાગૃતિ એટલે માત્ર ને માત્ર સમાજ સુધારણા નહિ પણ સામાજિક જાગૃતિ દ્વારા કોંગ્રેસના વિચારનો વ્યાપ વધારવા અને જે વિચારધારા દરેકના મનમાં પડેલી છે તેને વધુ મજબુત બનાવવાનું કાર્ય કરશે.

તેમણે જણાવ્યુ હતુ કે મહિલાઓને રાજકારણમાં સક્રિય ભાગીદાર બનાવવાનો નિર્ણય કર્યો હતો. ૩૩ ટકા અનામત સ્વ. રાજીવ ગાંધીનો નિર્ણય હતો.

વિધાનસભાની આવી રહેલી ચૂંટણી પૂર્વે આગામી ૭૦ દિવસ ગુજરાતના રાજકીય ઈતિહાસ માટે મહત્વના હોઈ તમામ મહિલા કાર્યકર્તાઓને તેમની સક્રિયતા વધારવા પર ભાર મુક્યો હતો.

આ પ્રસંગે પ્રદેશ સમિતિમાંથી આવેલ શ્રી મનને પણ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ. મહિલા જાગૃતિ અભિયાનની જાણકારી જિલ્લા પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ અને શ્રીમતિ જયશ્રીબેન શાહે આપી હતી.

## અંતિમધામ ખાતે ૮મીએ અસ્થિ વિસર્જનની પ્રાર્થના સભા

ગાંધીનગર તા. ૫

ગાંધીનગર શહેરમાંથી તા.૯મી જૂનથી તા.૭મી સપ્ટેમ્બર સુધી સદ્‌ગત પામેલ આત્માઓના અસ્થિ પ્રાર્થના સભા તા. ૮મી સપ્ટેમ્બરે શનિવારે સેકટર-૩૦ ગાંધીનગરના અંતિમ ધામ ખાતે સવારે ૯.૧૫ કલાકે રાખવામાં આવેલ છે.

સદ્‌ગત આત્માઓના માનમાં પ્રાર્થના સભામાં નગરજનો અને સદ્‌ગતના સ્નેહીજનો ઉપસ્થિત રહેવા જણાવેલ છે.

સદ્‌ગતના અસ્થિઓ હરિદ્વાર હરિ કી પૌડી ખાતે તા. ૧૦મી સપ્ટેમ્બરને સવારે વિધિવત રીતે વિસર્જન કરવામાં આવશે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ચલાવાતી આ નિઃસ્વાર્થી અસ્થિ વિસર્જન સેવામાં અસ્થિકુંભ નિલેન્દુભાઈ વોરા, જે.કે. પટેલ અમદાવાદ લઈને જનાર છે.

અંતિમધામ ખાતે ઉપસ્થિત ન રહી શકનાર સદ્‌ગતના સ્નેહીજનોએ રેલ્વેસ્ટેશન ગાંધીનગર સેકટર-૧૪ સવારે સાડા નવ વાગે અસ્થિકુંભના દર્શન માટે ઉપસ્થિત રહી શકશે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે જણાવેલ છે.

## ગાંધીનગર આણંદ મેમુ ટ્રેન તુરંત શરૂ કરો

ગાંધીનગર તા. ૫

ગાંધીનગર કેપીટલ રેલ્વે સ્ટેશન માટે થયેલ ૫૨ કરોડના ખર્ચ સામે તેનો ઉપયોગ જોઈએ તેટલો થતો ન હોવાની અનેક રજૂઆતો ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા રેલ્વે મંત્રાલય અને રાજય સરકારને અનેક વખત કરવામાં આવેલ છે.

શહેર વસાહત મહામંડળે રેલ્વેમંત્રી ભરતસિંહ સોલંકીને રજૂઆતો બાદ ૨૦૧૨-૧૩ના બજેટમાં ગાંધીનગરને માત્ર એક ટ્રેઈન આણંદ ગાંધીનગરનો સમાવેશ કરેલ છે. પરંતુ નાણાકીય વર્ષને ૬ માસ પૂર્ણ થવા આવ્યા છતાં આ મેમુ ટ્રેન ચાલુ કરેલ નથી.

જાણવા મળ્યા પ્રમાણે મેમુ ટ્રેન દરરોજની ટ્રેન છે. તેના અપડાઉનના સમય પણ નક્કી થયેલ છે. પરંતુ તેને લીલી ઝંડી આપવા માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના અરૂણભાઈ બુચ, મયુરભાઈ વ્યાસ, સુધીરભાઈ દેસાઈ, કિશોર જીકાદરા, કશ્યપ મહેતા, શશીકાન્ત મોઢાએ રજૂઆત કરેલ છે. આજ રીતે ગાંધીનગર ટર્મિનલ તરીકે વિકસાવવાના નિર્ણયને પણ આવકારેલ છે.

## મોબાઈલ ટાવરના ભાડાની લાલચ આપી ચિટીંગ કરતો શખ્સ આખરે ઝડપાયો

ગાંધીનગર, તા. ૫

જમીનદારોની જમીનમાં મોબાઈલ ટાવર લગાડી આપી લાખોના ભાડા અપાવવાની લાલચ આપીને છેતરપીંડી આચરનાર અમદાવાદનો શખ્સ આખરે પેથાપુર પોલીસના સકંજામાં આવી ગયો છે. રાંધેજાના દંપતીને રૂ. ૧૦ હજારનો ચુનો લગાડી જનાર આ શખ્સને અન્ય ૭૦ થી ૮૦ કલાયન્ટો પણ હોવાનું જાણવા મળ્યું છે. પેથાપુર પોલીસે આ શખ્સની ધરપકડ કરીને અન્ય સાથે પણ છેતરપીંડી આચરી છે કે કેમ તે સહિતની તપાસ માટે ત્રણ દિવસના રિમાન્ડ મેળવી પુછપરછ શરૂ કરી છે.

ગાંધીનગર નજીકના રાંધેજા ગામમાં રહેતા મેઘનાબેને લોભામણી જાહેરાતથી આકર્ષાઈને પોતાની જમીનમાં મોબાઈલ કંપનીના ટાવર લગાડવા જાહેરાતમાં દર્શાવેલ નંબર પર સંપર્ક કરી પ્રોસેસ કરી હતી. મેઘનાબેન પાસેથી તબક્કાવાર રૂ. ૧૦ હજાર બેંક એકાઉન્ટમાં જમા કરાવડાવ્યા હતા. ત્યારબાદ મીટીંગ માટેની વાત આવતા જ ગલ્લાતલ્લા શરૂ કરી દેતા આ આખુય કૌભાંડ હોવાનું પામી ગયેલા મેઘનાબેને છેતરપીંડી અંગે પેથાપુર પોલીસમથકે ફરીયાદ નોંધાવી હતી. દરમ્યાન ગત મોડી રાતે પેથાપુર પોલીસમથકના પી.એસ.આઈ. એ.ડી. ગોહીલે મુળ હરીયાણાનો અને હાલ અમદાવાદના વસ્ત્રાલ ખાતે રહેતા ચીટર દિપક અશોકકુમાર શર્માની ધરપકડ કરી લઈ પુછપરછ શરૂ કરી છે. પ્રાથમિક પુછપરછમાં તેની પાસે આવા ૭૦ થી ૮૦ અન્ય કલાયન્ટો પણ હોવાનું બહાર આવ્યું છે. જો તે તમામ પાસે ચીટીંગ કરી હશે તો લાખો કે કરોડો રૂપિયાની છેતરપીંડી કરી હોવાની સંભાવના નકારી શકાય નહી. પોલીસે તેની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતાં કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. જેને આધારે પોલીસે તેની કડક પુછપરછ આરંભી છે.

## ગાંધીનગરની શહેરી બસ સેવા વીટકોસના વહીવટમાં અંધેર, અનેક બસો બ્રેક ડાઉન

### ટીકીટ ચેકીંગ કરતા માણસો ઓળખપત્ર વિનાના ડ્રાયવર-કડંકટરોનો પણ કોઈ ડ્રેસ કોડ નથી

(પ્રતિનિધિ), ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર તથા તેને જોડતા ગામો સાથે સંકળાયેલ શહેરી બસ સેવા વીટકોસ તેના અનેક પ્રશ્નો થકી વિવાદીત બની છે. જો કે મુખ્ય સંચાલકો આ અંગે કોઈ જ ધ્યાન ન આપતાં વહીવટ અંધેરમાં મુકાયો હોવાની ચર્ચા મુસાફરો કરી રહ્યા છે. અનેક બસો, સેન્ટર પોઈન્ટ ઉપર બ્રેક ડાઉન અવસ્થામાં છે જેથી મુસાફરો બસની રાહ જોવામાં થાકી ગયા છે છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતા શહેરીજનો અકળાઈ ઉઠયા છે.



ગાંધીનગર તથા આજુબાજુના ગામો માટે આર્શીવાદ રૂપ ગણાતી શહેરી બસ સેવા વીટકોસ તેના વહીવટ થકી બદનામ થઈ રહી છે. હાલમાં આ બસ સેવાની ૨૬ જેટલી બસો બ્રેક ડાઉન અવસ્થામાં પડી રહી છે. તેમજ રૂટ ઉપર ચાલતી બસો પણ ખખડધજ અવસ્થામાં છે. જેમાં કેટલીક બસોમાં સાંજના સમયે ગેસ ખલાસ થઈ જતાં રૂટ રદ કરાય છે તો અમુક બસો ફકત બે જ ગીયર ઉપર ચાલે છે. વધુમાં બસોનું નિયમિત સમારકામ કે સાફસફાઈ પણ થતી નથી. જેથી સમયપત્રક પણ વારંવાર ખોરવાઈ જાય છે. મુસાફરોને જીવના જોખમે મુસાફરી કરવી પડી રહી છે. જો કે આ અંગે વિટકોસ મેનેજમેન્ટ કંઈ જ જાણતું ન હોવાનું અંદરના સુત્રો જણાવી રહ્યા છે. વિટકોસ સંચાલકો નિયમિતરૂપે કોઈ જ રિપોર્ટ મેળવતા ન હોવાથી વિટકોસ સેવા માંદગીના બિછાને આવી પડી છે.

શહેરી બસ સેવામાં અધવચ્ચેથી મુસાફરોનું કરાતું ટીકીટ ચેકીંગ પણ શંકા ઉપજાવે છે. અજાણ્યા માણસો અચાનક બસમાં ટીકીંટ ચેકીંગ શરુ કરે છે જેની પાસે વિટકોસ તરફથી કોઈ જ આધાર (ઓળખપત્ર) અપાતા હોતા નથી જેથી કેટલાક લેભાગુ તત્વો પણ આનો ફાયદો ઉઠાવી જવામાં સફળ થશે તેવી દહેશત ઉભી થઈ છે. તો બીજી તરફ ડ્રાયવર કડંકટરોને પણ કોઈ ડ્રેસ કોડ કે ઓળખ પત્ર અપાયેલા નથી જેથી ગમે તે વ્યકિત બસ હંકારી જાય કે ટીકીટ ઈસ્યુ કરી જાય તો તમામ જોખમ છેવટે મુસાફરો ઉપર જ આવી જાય છે. આમ વીટકોસની કોઈ ચોકકસ નિતી રીતે કે માર્ગદર્શિકા ન હોવાથી સંપુર્ણ જોખમ મુસાફરોનું જ રહે છે. જેથી કરારની શરતોનું ચુસ્તપણે પાલન થાય તેવી માંગ મુસાફરો કરી રહ્યા છે.

## નારી પ્રતિભા અને પડકારો વિષય પર ચંદ્રાબેન શ્રીમાળીનું વક્તવ્ય યોજાશે

ગાંધીનગર, તા. ૫

સુરત ખાતે ગાંધીનગરના લેખિકા ચંદ્રાબેન શ્રીમાળીનું નારી પ્રતિભા અને પડકારો વિષય પર વક્તવ્ય યોજાશે.

અખિલ હિન્દ મહિલા પરિષદ બૃહદ સુરત શાખાના ઉપક્રમે નારી પ્રતિભા અને પડકારો વિષય ઉપર ૭મી સપ્ટેમ્બરે માજી ધારાસભ્ય ચંદ્રાબેન શ્રીમાળીનં વક્તવ્ય યોજાશે. સુરતના જાણીતા સાહિત્યકારો, લેખિકા બહેનો અને સાહિત્ય રસિકો આ પ્રસંગે ખાસ હાજર રહેશે. સમગ્ર સાહિત્યિક બેઠક શાલીભદ્ર કોમ્પ્લેક્ષ, ટીમલીયા વાડ, નાનપુરા, સુરત ખાતે યોજાશે.

## મનની એકાગ્રતા વિષય પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૫

શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્ર, ગાંધીનગર દ્વારા શહેરની ચૌધરી ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ફોર વિમેન અને ચૌધરી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી ફોર વિમેનની વિદ્યાર્થિનીઓ માટે 'મનની એકાગ્રતા' વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું હતું. કેન્દ્રના અધ્યક્ષ રજનીકાન્ત ભટ્ટે સુંદર વક્તવ્ય આપી પ્રશ્નોત્તરી કરી હતી.

## દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સેનેટરી ઈન્સ્પેકટર ભરતભાઈ એસ. બારોટના માતુશ્રી સુભદ્રાબેન બારોટનો ૩જી સપ્ટેમ્બરે ૭૯ વર્ષની વયે સ્વર્ગવાસ થયો છે.


## ગાંધીનગરમાં વૃક્ષારોપણ પછી માવજતના અભાવે છોડવાં મૃતઃપ્રાય અવસ્થામાં

### પદ્ધતિસરનું વૃક્ષારોપણ ન થવાથી વૃક્ષોની હારમાળા કદરૂપી દેખાય છે

ગાંધીનગર તા. ૫

હરીયાળી પાટનગર ગાંધીનગરમાં સૌથી વધુ વૃક્ષારોપણ થાય છે. પરંતુ આ વૃક્ષારોપણ પછી યોગ્ય માવજત ન થતી હોવાથી છોડવા મૃપાય અવસ્થામાં આવી જાય છએ. તેમજ વૃક્ષારોપણ થકી સરકારી આકડાઓ આવી જાય છે. તેમજ વૃક્ષારોપણ થકી સરકારી આકડાઓ વધી જતા હોય છે. પણ વાવેલા વૃક્ષો પૈકી કેટલા વૃક્ષોનો ઉછેર થયો છે તે જોવાની તસ્દી લેવાતી ન હોવાથી વૃક્ષારોપણ ફકત કાગળ ઉપર જ રહી જાય છે. જેથી પર્યાવરણ પ્રેમીઓએ વૃક્ષોની માવજત અંગે અલગ અલગ સંગઠન ઉભુ કરવાની માંગ કરી છે.

રાજયભરમાં પર્યાવરણને શુદ્ધ રાખવાના મૂળભૂત હેતુથી અનેક ઠેકાણે વૃક્ષારોપણ વિવિધ સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા થઈ રહ્યું છે. આ વૃક્ષારોપણ પ્રથમથી જ પદ્ધતિસરનું હોતું નથી. તેમજ નિયમિત તેની માવજત રખાતી નથી. આ સમસ્યા રાજયભરમાં છે પરંતુ રાજયના હરીયાળા ગણાતા પાટનગરમાં કે જ્યાં સૌથી વધુ વૃક્ષારોપણ થતું હોય છે. ત્યાં સૌથી વધારે નજરમાં આવી રહી છે.



રાજયના ધોરી માર્ગ કે ગાંધીનગરના માર્ગોની વચ્ચે થતા વૃક્ષારોપણ પદ્ધતિસરના હોતા નથી. જેથી તેના ઉછેર બાદ માર્ગ ઉપર વૃક્ષોની હારમાળા કદરૂપી લાગે છે. તો કોઈક જગ્યાએ માવજત જ નથી હોય ત્યાં વૃક્ષઉછેરતું જ નથી જેથી ખાલી જગ્યા દેખાય છે. આમ પદ્ધતિ અને માવજતના અભાવે વૃક્ષારોપણ ફકત કાર્ય જ બની ગયું છે.

વન વિભાગની ભયંકર ઉદાસીનતાએ વૃક્ષારોપણને હાસ્યાપસ્પદ હાલતમાં મુક્યું છે. તો બીજી તરફ પાટનગરમાં ઠેર ઠેર ઉગી નીકળેલા ઘાસનો પણ નિકાલ થતો નથી. જેથી ફુટપાથો પણ ઢંકાઈ ગઈ છે અને જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો છે. વન વિભાગની ઘોર નિદ્રાંએ વૃક્ષો ઉપર ઢાંકેવાના લોખંડના પાંજરા પણ અમુક જગ્યાએ હયાત નથી. આ અંગે જવાબદારો પાસેથી જવાબ માંગી યોગ્ય પગલાં ભરાય તેવી માંગ પર્યાવરણ પ્રેમીઓ એ કરી છે. અને ખરા અર્થમાં વૃક્ષારોપણ થાય તેવું સરકાર પાસે ઈચ્છે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૪

સૂર્યાસ્ત : ૬.૫૩

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૩.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૬૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

જૉકર : ૧.૧૫, ૩.૩૦, ૬.૦૦, ૮.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

જૉકર : ૧૦.૦૦, ૧૨.૦૦, ૨.૧૫, ૯.૩૦

એક થા ટાઈગર : ૪.૩૦, ૭.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૦.૧૫, ૩.૩૦, ૧૧.૦૦

કેવી રીતે જઈશ : ૧૨.૪૫, ૮.૧૫

એક થા ટાઈગર : ૫.૪૫

: સ્ક્રીન-૨ :

એક થા ટાઈગર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦

શીરીન ફરહાદ કી તો નીકલ પડી : ૫.૩૦

: સ્ક્રીન-૩ :

જૉકર : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૭.૩૦, ૯.૪૫

ફોર્મ સિડ્‌ની વીથ લવ : ૫.૦૦

: સ્ક્રીન-૪ :

જૉકર : ૯.૩૦, ૨.૦૦, ૪.૧૫, ૬.૩૦, ૮.૪૫, ૧૧.૦૦

શીરીન ફરાહદ કી તો નીકલ પડી : ૧૧.૪૫

### સૂર્યા, વાવોલ

જૉકર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

વિધાતા (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

જૉકર : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૧૫, ૫.૧૫, ૮.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

એક થા ટાઈગર : ૧૦.૫૦, ૭.૧૫, ૧૦.૦૦

નિલકંઠ : ૧.૧૫ ● જૉકર : ૪.૧૫

: સ્ક્રીન-૩ :

આઈ એમ ૨૪ : ૧૧.૧૫, ૧૦.૧૫

એક થા ટાઈગર : ૨.૧૫

ફોર્મ સિડ્‌ની વીથ લવ : ૫.૧૫, ૮.૧૫

### ચિરાગ, કલોલ

જૉકર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧, ખાતે હિંડોળામાં વેલવેટનો બંગલો અને શૃંગારમાં ચાંદીના પલના.

## આપની આજ

**મેષ** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

**વૃષભ** : આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**મિથુન** : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કર્ક** : સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે. અભીષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**કન્યા** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**તુલા** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**ધન** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**મકર** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કુંભ** : દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મીન** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

## ચિરવિદાય

- સ્વ. નાથુભાઈ બેચરભાઈ પટેલ (ઉ.વ.૪૦) મુ.પો. ગીયોડ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. વિઠ્ઠલભાઈ કાળીદાસ પ્રજાપતિ (ઉ.વ.૪૦) મુ.પો. તારાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અમરસિંહ ચતુરજી ઠાકોર (ઉ.વ.૪૦) મુ.પો. શિહોલી મોટી, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મંગુબેન સોમાભાઈ પટેલ (ઉ.વ.૮૧) પ્લોટ નં. ૨૦૦, ક્ષિતિજ એપાર્ટમેન્ટ, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. બાબુલાલ ગીરધારીલાલ શર્મા (ઉ.વ.૫૯) પ્લોટ નં. બી-૩૬, પારીજાત એપાર્ટમેન્ટ, સેકટર-૧૩, ગાંધીનગર.
- સ્વ. રેખાબેન અશોકભાઈ દંતાણી (ઉ.વ.૩૦) સાંઈબાબા મંદિરના સામેના છાપરાં, સેકટર-૨૪, ગાંધીનગર.